સ્વયં બુરાઇ રહિત થવું એ વિશ્વ માત્રની સેવા છે
- સોક્રેટીસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૨ | ૧૫ નવેમ્બર, ૨૦૧૪, શનિવાર ; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૧૪૦૭૧ નવા મતદારો

## મતદારયાદી સુધારણા ઝુંબેશમાં ૧૪૦૭૧ નવા મતદારો નોંધાયા : સૌથી વધુ કલોલમાં તો સૌથી ઓછા ગાંધીનગર (ઉ) માં નોંધાયા : નામ-સરનામા સુધારણા માટે ૩૭૯૯ જેટલી અરજીઓ મળી છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન ૧૪૦૭૧ જેટલા નવા મતદારોએ તેમના નામ દાખલ કરવા માટેની અરજીઓ તંત્રને કરી છે.

ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ જે તાજેતરમાં ૧૦મી નવેમ્બરે પુરી થઈ છે. જેમાં ૧૮ થી ૧૯ વર્ષની વયના ૭૩૩૯ મતદારોએ અરજી કરી છે.

ગાંધીનગર (ઉ)માં સૌથી નબળો પ્રતિસાદ આ ઝુંબેશને મળ્યો છે. માત્ર ૨૧૦૦ જેટલા નવા મતદારોએ નામ નોંધાવવા માટે અરજીઓ કરી છે. સૌથી સારો પ્રતિસાદ કલોલ, દહેગામ અને માણસા વિધાનસભા મતવિસ્તારમાં પ્રાપ્ત થયો છે. ગાંધીનગર દક્ષિણમાં પણ ૨૮૦૦ જેટલા નવા મતદારોએ નામ નોંધાવવા માટે અરજી કરી છે.

આ ઝુંબેશમાં સૌથી મહત્વની નોંધનીય ઘટના એ ધ્યાને આવી છે કે ૧૯ વર્ષથી વધુ વયના મતદારોની નોંધણીમાં મહિલા મતદારો સૌથી વધુ અગ્રેસર રહી છે.

દહેગામ વિધાનસભામાં ૨૭૯૯ નવા મતદારો નોંધાયા છે. ગાંધીનગર (દ)માં ૨૯૧૦, ગાંધીનગર (ઉ)માં ૨૧૭૨, માણસામાં ૨૬૯૧ અને કલોલમાં ૩૫૦૦ નવા મતદારો નોંધાયા છે.

આ ઝુંબેશ દરમ્યાન ૧૯૬૪ મતદારોએ સ્થળાંતર કર્યુ હોવાથી નવુ એપિક આપવાની માંગણી કરી છે. તો ૩૭૯૯ મતદારોએ તેમના નામ અથવા સરનામામાં રહેલી ભૂલો હોવાથી તે સુધારવા માટેની અરજીઓ કરી છે.

જ્યારે ૨૭૦૪ નામ મતદારયાદીમાંથી કમી કરવા માટેની અરજીઓ પણ તંત્રને મળી છે. તંત્ર દ્વારા આ આખીય ઝુંબેશમાં મળેલી રજુઆતોની ચકાસણી કરી અને તેની ડેટા એન્ટ્રી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ ૧૦ લાખ કરતાં વધુ મતદારો છે અને આ ઝુંબેશને અંતે હવે મતદારોની સંખ્યા ૧૦.૨૫ લાખના આંકને પાર કરી જશે.

ગાંધીનગર જિલ્લાની પાંચેય વિધાનસભા મતદાર વિભાગોમાં ૧૦૦ ટકા ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવામાં આવશે તેમ પંચના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. દિપાવલીના પર્વો અને વેકેશનના માહોલ છતાં પણ આટલી મોટી સંખ્યામાં નવા મતદારોએ તેમના નામ દાખલ કરાવવા માટે ઉત્સાહ દાખવ્યો છે જે નોંધનીય છે.





ગાંધીનગરના હાર્દસમા ચ-૩ના સર્કલ પર આજે મોડી રાત્રે વિહારથી મધરડેરીમાં દૂધનો જથ્થો લઈ જતી એક ટેન્કર સર્કલ પર ચડી જવા પામી હતી. સર્કલની દિવાલ તોડી અને ઉપર ચડી ગયેલ ટેન્કરની ઓઈલ ટેન્ક પણ ફાટી જવા પામી હતી. જો કે કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસે ઘટનાસ્થળે જામ થયેલા ટ્રાફિકને દૂર કર્યો હતો. મોડી રાત્રે ટેન્કરમાંથી બીજી ટેન્કરમાં દૂધનો જથ્થો રવાના કરાયો હતો.

(તસવીર : દિપક જાની)

# હવે, મંત્રીમંડળનું વિસ્તરણ

## બોર્ડ-નિગમોમાં નિમણુંક

### બોર્ડ કોર્પોરેશનના અધ્યક્ષો

| નામ | બોર્ડ કોર્પોરેશનનું નામ |
|---|---|
| અનિલ પટેલ, અમદાવાદ | ગુજરાત મકાન અને બાંધકામ વેલ્ફેર |
| પ્રવિણ પંડ્યા, અમદાવાદ | બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ |
| ગીરીશ શાહ, ભાવનગર | અલંગ વિસ્તાર વિકાસ સત્તામંડળ |
| નરેશ શાહ, અમદાવાદ | ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ |

### બોર્ડના ઉપાધ્યક્ષો

| નામ | બોર્ડ કોર્પોરેશનનું નામ |
|---|---|
| ટીએમ પટેલ, ભાવનગર | અલંગ વિસ્તાર વિકાસ સત્તામંડળ |
| સુરેશ મકવાણા, નવસારી | ગુજરાત સફાઈ કામદાર વિકાસનિગમ |
| દિનેશ ટોળીયા, રાજકોટ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ |

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ આગામી સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમંત્રી મંડળમાં બે કેબીનેટ મંત્રીઓ અને પાંચ રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ રજુ કરી શકાય તેમ છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના વનમંત્રી ગણપતભાઈ વસાવાને વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિમણુંક આપતાં તેમણે વનમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું. વન અને પર્યાવરણ વિભાગનો હવાલો હાલ મુખ્યમંત્રીએ પોતાની પાસે રાખ્યો છે.

તાજેતરમાં જ રાજ્યમંત્રી મંડળમાં ૬ સંસદીય સચિવોને નિમણુંક આપીને સમાવેશ કરવામાં આવ્યો છે. હવે રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવાની દિશામાં સક્રિય વિચારણા સરકારે હાથ ધરી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો સંભવત આગામી સપ્તાહમાં બુધવારે રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી પુરી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીમંડળનું વિસ્તરણ કરીને નવા બે કેબીનેટ મંત્રીઓ લેવામાં આવે અથવા તો રાજ્યકક્ષામાંથી બે મંત્રીઓને બઢતી આપીને કેબીનેટ બનાવાય તેવી શક્યતા છે. જ્યારે રાજ્યકક્ષામાં નવા સાત જેટલા સભ્યોનો સમાવેશ કરીને મંત્રીમંડળમાં મંત્રી તરીકે સમાવવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી વર્ષે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ આવી રહી હોઈ રાજ્યમંત્રી મંડળનું વિસ્તરણ અને બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંક કરીને ધારાસભ્યો આગેવાનો અને કાર્યકરોને સાચવી લેવાનો પ્રયાસ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ૨૦ જેટલા બોર્ડ નિગમોમાં ચેરમેનોની નિમણુંક કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# શિયાળાના આરંભે જ ઉનાળાનો અહેસાસ

## ગરમીનો પારો ૩૩.૫ ડિગ્રીએ પહોંચ્યો : નગરજનોએ ફરી પંખા-એસી ચાલુ કર્યા : બેવડી ઋતુના મારને કારણે નાની મોટી બિમારીઓનું પ્રમાણ વધ્યું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં ફરીથી હવામાનમાં પલ્ટો આવ્યો છે અને શિયાળાના આગમનથી ચાલુ થયેલી ઠંડી ઘટી જઈને ગરમીમાં ફેરાવવા લાગી છે જેને કારણે નગરજનોને અત્યારે ઉનાળાનો અહેસાસ થઈ રહ્યો છે. આજે વાતાવરણમાં આવેલા આ ફેરફારોને કારણે તાપમાનનો મહત્તમ પારો ૩૩.૫ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪ ડિગ્રી રહેવા પામ્યું હતું. નગરજનોને રાત્રે ફરીથી પંખા ચાલુ કરવાના દિવસો આવી ગયા છે.

બે ત્રણ દિવસથી હવામાનમાં આવેલા ફેરફારને કારણે એકાએક ઠંડીમાં ઘટાડો થવા પામ્યો છે અને ગરમીનું પ્રમાણ વધી જવા પામ્યું છે. આજે રાત્રે ભેજનું પ્રમાણ જે ૭૩ ટકા હતું તે દિવસ દરમિયાન ઘટીને માત્ર ૫૫ ટકા સુધી આવી ગયું હતું. દિવસ દરમિયાન ખાસ કરીને બપોરના સમયે તો ઉનાળા જેવી પરિસ્થિતિ જણાઈ હતી અને નગરજનોએ ઘર અને ઓફિસોમાં પંખા તેમજ એસી ચલાવવાની ફરજ પડી હતી. થોડાક દિવસ પહેલા નગરજનોને ઠંડીનું પ્રમાણ વધતા ગરમ કપડા અને રાત્રે ઓઢવાના ધાબળા-ચોરસા બહાર કાઢવાની નોબત આવી હતી પરંતુ ફરીથી વાતાવરણમાં પલ્ટો આવતા હવે જાણે ગરમીના દિવસો પાછા આવી ગયા હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. જો કે હાલ આ ગરમીના કારણે બેવડી ઋતુનો માહોલ સર્જાયો છે જેમાં મોડી રાત્રિથી લઈને સવાર સુધી ઠંડીનું પ્રમાણ વધુ રહે છે અને

● અનુસંધાન પાન-૭ પર



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે પૂર્વ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૬મી જન્મતિથીએ વિધાનસભામાં તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યકત કરી હતી.

# જિલ્લાના ગુણોત્સવમાં બે મંત્રીઓ સહિત ૩૫ અધિકારીઓ જોડાશે

## જિલ્લાના ગુણોત્સવમાં રમણલાલ વોરા, પ્રદિપસિંહ જાડેજા તથા કૌશિક પટેલ સહિત ૩૫ થી વધુ અધિકારીઓ જોડાશે : મૂલ્યાંકન માટે અપાનાર ઓ.એમ.આર.શીટ પર વિદ્યાર્થીનું નામ અને તેનો યુનિક આઈ.ડી. નંબર છપાયેલો હશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગુણોત્સવમાં સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણભાઈ વોરા, રાજ્યના કાયદા રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા વીસ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષશ્રી કૌશિકભાઈ પટેલ સહિત ૩૫ જેટલા ઉચ્ચ અધિકારીઓ જોડાશે.

આગામી ૨૦મીથી શરૂ થઈ રહેલા ગુણોત્સવ માટે જિલ્લા તંત્ર દ્વારા તૈયારીઓ તડામાર ચાલી રહી છે. આજે અને ગઈકાલે જિલ્લાના આચાર્યોની બેઠક તંત્ર દ્વારા યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા પ્રા. શિ. અધિકારી શ્રી રાઠોડ અને નાયબ પ્રા.શિ. અધિકારી શ્રી સંજયભાઈએ સૌને માર્ગદર્શન આપી ગુણોત્સવના આયોજનની જાણકારી આપી હતી. આ માટે ૭૦ રૂટ બનાવાયા છે જે ગત વર્ષ કરતાં ૧૫ જેટલા વધારે છે.

આ વખતે ગુણોત્સવમાં ધો. ૧ થી ૫ ના બાળકોનું વાંચન-ગણન અને લેખન કાર્યથી મૂલ્યાંકન કરાશે. જ્યારે ધો. ૬ થી ૮ ના બાળકોને ૧૦૦ માર્કસનું પ્રશ્નપત્ર આપી તેમનું મૂલ્યાંકન કરાશે.

આ ગુણોત્સવમાં દરેક વિદ્યાર્થીને આપવામાં આવનાર ઓ.એમ.આર. શીટ પર યુનિક આઈ.ડી. નંબર જે અપાયા છે તે દર્શાવવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વેળા પ્રથમ વખત આખા રાજ્યમાં પહેલીવાર મૂલ્યાંકનનું કાર્ય એક જ સમયે એક સાથે શરૂ થશે. અર્થાત સવારે ૧૧.૦૦થી ૧૨.૩૦ની વચ્ચે આ પરીક્ષા અને મૂલ્યાંકનની કામગીરી કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગુણોત્સવના અંતિમ ચરણમાં અર્થાત સાંજે શાળાના વાલીઓ, શાળા મેનેજમેન્ટ કમિટીના સભ્યો સાથે બેઠક કરવામાં આવશે તેમજ તેમની સાથે શિક્ષણ અને આનુસંગિત બાબતો અંગે ચર્ચા થશે.

ગુણોત્સવના આ કાર્યક્રમ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું પણ વિશેષ મૂલ્યાંકન કરવામાં આવશે. ગુણોત્સવના આ અભિયાનમાં જિલ્લાની ૪૦ ટકાથી પણ વધુ શાળાઓનું મૂલ્યાંકન મહાનુભાવો દ્વારા થશે. જિલ્લામાં ૬૦૦ થી વધુ શાળાઓને આવરી લેવામાં આવી છે.







ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

